ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

કોર્ટમાં 3 વર્ષની સજા થતા હોદ્દો ખાલી જાહેર

કાલોલના ડેરોલગામ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૭ ના સભ્યને TDO દ્વારા ગેરલાયક ઠેરવાયા

(પ્રતિનિધી) કાલોલ, તા.21

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ડેરોલગામ ગ્રામ પંચાયતના વોર્ડ નંબર-૭ ના ચૂંટાયેલા સભ્ય જયવીરસિંહ વિક્રમસિંહ સોલંકીને તાલુકા વિકાસ અધિકારી દ્વારા સભ્ય પદેથી ગેરલાયક ઠેરવી તેમનો હોદ્દો ખાલી જાહેર કરવામાં આવ્યો છે. ફોજદારી કેસમાં કાલોલ કોર્ટ દ્વારા તેમને ૬ મહિનાથી વધુની કેદની સજા ફટકારવામાં આવતા ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ આ કડક કાર્યવાહી કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ડિસેમ્બર ૨૦૨૧માં યોજાયેલી ગ્રામ



પંચાયતની સામાન્ય ચૂંટણીમાં જયવીરસિંહ સોલંકી ડેરોલગામ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૭ માંથી વિજેતા જાહેર થયા હતા. જોકે, તેમની વિરુદ્ધ વર્ષ ૨૦૧૩માં નોંધાયેલા એક ફોજદારી કેસ (ક્રિમીનલ કેસ નં. ૧૦૬૧/૨૦૧૩) માં નામદાર કાલોલ કોર્ટે ગત તા. ૩૦/૦૯/૨૦૨૬ ના રોજ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો.

કોર્ટે જયવીરસિંહ સોલંકીને ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫ અને ૩૨૬ હેઠળ દોષિત ઠેરવી સૌથી વધુ ૩ વર્ષની સખત કેદની સજા અને કુલ રૂ. ૨૦,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો. કોર્ટે દંડની રકમમાંથી ઈજાગ્રસ્ત શૈલેષભાઈ પટેલ અને યોગેશભાઈ પટેલને સરખે ભાગે વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો હતો.ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ ૩૦(૧)(ક)(૨) મુજબ, જો કોઈ ચૂંટાયેલા સભ્યને કોઈ ગુનામાં ૬ મહિના કે તેથી વધુની કેદની સજા થાય, તો તે પંચાયતના સભ્ય તરીકે ચાલુ રહેવા માટે ગેરલાયક ઠરે છે. આ જોગવાઈ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારીના પત્રને ધ્યાનમાં રાખીને કાલોલના તાલુકા વિકાસ અધિકારી એચ. જે. ચૌહાણે તા. ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ સત્તાવાર હુકમ બહાર પાડ્યો છે.આ હુકમ મુજબ જયવીરસિંહ સોલંકીને સભ્ય તરીકે ચાલુ રહેવા અસમર્થ ગણી ડેરોલગામ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૭ ની બેઠક ખાલી પડેલી જાહેર કરવામાં આવી છે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા ફોર્મ-૬ અંગે મતદારોની મૂંઝવણ દૂર કરવાની પહેલ

(પ્રતિનિધિ) દાહોદ, તા.21

ભારતના ચૂંટણી પંચ (ECI) દ્વારા દેશભરમાં હાથ ધરવામાં આવેલા મતદાર યાદીની ખાસ સઘન સુધારણા (SIR) દરમિયાન વિવિધ કારણોસર જે મતદારોના નામ મુસદ્દા મતદાર યાદીમાં સામેલ નથી કરી શકાયા તેવા મતદારો માટે મહત્વની સ્પષ્ટતા જાહેર કરવામાં આવી છે.હવે મુસદ્દા મતદાર યાદીમાંથી બાકાત થયેલા અગાઉના મતદારો પણ ફોર્મ-૬ ભરીને આખરી મતદાર યાદીમાં નામ સામેલ કરાવી શકે છે. SIR બાદ મતદારોમાં એવી મૂંઝવણ ઉભી થઈ હતી કે તેઓ SIR અગાઉ મતદાર હતા તો હવે નવેસરથી ફોર્મ-૬ ભરે તો ફોર્મ-૬માં દર્શાવવામાં આવેલી ઘોષણા મુજબ અરજદારનું નામ મતદાર યાદીમાં પ્રથમ વખત ઉમેરવામાં આવી રહ્યું. મતદારોને એવી આશંકા છે કે અગાઉથી નોંધાયેલા હોવા છતાં ફોર્મ-૬ ભરવું એ ખોટી ઘોષણા કર્યા બરાબર ગણાશે.

સાપને કોઈ ઇજા પહોંચાડ્યા વિના સુરક્ષિત જંગલમાં છોડી દેવાયો

બોરીયાવીમાંથી ૭ ફૂટ લાંબા બિનઝેરી ધામણ સાપનું વન વિભાગની ટીમે રેસ્ક્યુ કર્યું

(પ્રતિનિધિ) ગોધરા, તા.21

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના બોરીયાવી ગામે આવેલા માજી સરપંચ ફળિયામાં ડાભી ભારતભાઈ હેમાભાઈના રહેણાંક મકાન નજીક આશરે સાત ફૂટ લાંબો ધામણ બિનઝેરી સાપ આવી ચડતાં પરિવારજનોમાં અફરાતફરી મચી ગઈ હતી.

અચાનક ઘરની નજીક સાપ દેખાતાં પરિવારજનો ગભરાઈ ગયા હતા. ઘટનાની જાણ તાત્કાલિક શહેરા વન વિભાગને કરવામાં આવતાં શહેરા વન વિભાગના સાજીવાવ ખાતે ફરજ બજાવતા વનરક્ષક વી.બી . રાઠોડ તાત્કાલિક



ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે સાવચેતીપૂર્વક અને કુશળતાથી આશરે સાત ફૂટ લાંબા ધામણ સાપનું સુરક્ષિત રેસ્ક્યુ કર્યું હતું. રેસ્ક્યુ દરમિયાન સાપને કોઈપણ પ્રકારની ઈજા ન પહોંચે તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી. ત્યારબાદ સાપને સુરક્ષિત રીતે પકડી લેવામાં આવતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. વન વિભાગની ટીમની સમયસરની કામગીરી અને વન્યજીવો પ્રત્યેની સંવેદનશીલતાની સરાહના કરવામાં આવી હતી. ધામણ સાપ બિનઝેરી હોવાથી તેને મારવાને બદલે વન વિભાગને જાણ કરી સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરાવવું એ વન્યજીવ સંરક્ષણ માટેનું એક સરાહનીય પગલું છે.

સંમેલનમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી

ગરબાડામાં જનજાતીય ગૌરવ દિવસ નિમિત્તે મહિલા સંમેલન યોજાયું

મહિલાઓના અધિકારો, સરકારી યોજનાઓ અને ભગવાન બિરસા મુંડાના જીવન સંઘર્ષ અંગે અપાઈ માહિતી

(પ્રતિનિધિ) ગરબાડા તા.21

ગરબાડાઃ ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે ગરબાડા ખાતે મહિલા સંમેલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત



રહી હતી.

કાર્યક્રમ દરમિયાન ભગવાન બિરસા મુંડાના જીવન પરિચય સાથે આદિવાસી સમાજના હિત, અધિકારો અને ઉત્થાન માટે તેમણે આપેલા યોગદાન તેમજ દેશ અને સમાજ માટે આપેલા બલિદાનની ગાથા સંભળાવવામાં આવી હતી.

તેમના સંઘર્ષમય જીવન અને આદિવાસી સમાજના ગૌરવશાળી ઇતિહાસને યાદ કરી ઉપસ્થિત લોકોને તેમના વિચારો અને આદર્શોથી પ્રેરણા લેવા સંદેશ આપવામાં આવ્યો હતો.

મહિલા સંમેલન દરમિયાન ઉપસ્થિત મહિલાઓને તેમના અધિકારો, મહિલા સશક્તિકરણ તેમજ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા મહિલાઓના ઉત્થાન અને વિકાસ માટે અમલમાં મૂકવામાં આવતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.

રાત્રિના અંધારામાં રેતી ઉલેચતા માફિયાઓ

પીપલોદ-સિંગવડ પંથકમાં રેતી ભરેલા ડમ્પર ચાલકો બેફામ

ખાણ-ખનિજ વિભાગની નિષ્ક્રિય કામગીરીની લોકોમાં ચર્ચાઓ ચાલી રહી છે

(પ્રતિનિધિ) સિંગવડ, તા.20

પીપલોદ થી સિંગવડ નગરમાં થઈને ફતેપુરા ઝાલોદ અને રાજસ્થાન સુધી નીકળતી ઓવરલોડ રેતીની ગાડીઓ

પીપલોદ થી સિંગવડ નગરમાં થઈને નીકળતી રેતી ભરેલી ગાડીઓ તથા ટ્રેક્ટરો ખાણ ખનીજ વિભાગ તથા સરકારી તંત્રને અંધારામાં રાખીને બિન્દાસ નીકળતી હોવાની ફરિયાદ ઉઠી છે. આ જે રેતીની ગાડીઓ નીકળતી હોય છે તેમાં પરમિટ હોય છે કે નથી હોતું તે પણ શંકાસ્પદ છે. પરમિટમાં નક્કી કરેલા ટન કરતાં વધુ ઓવરલોડ ભરીને આ વાહનો રાત-દિવસ બે-રોકટોક નીકળતા હોય છે. સાંકડા રસ્તાના લીધે આ ઓવરલોડ વાહનોથી અકસ્માત થવાનો ભય પણ સતત રહે છે. રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આથી ખાણ ખનીજ વિભાગ અને સરકારી તંત્ર દ્વારા આ ઓવરલોડ રેતીની ગાડીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને વાહનચેકિંગ હાથ ધરવામાં આવે તેવી લોકોમાંથી માંગ ઉઠવા પામી છે.

આમ સમગ્ર મામલે પર્યવારણને નુકસાન કરીને નદી-તળાવોમાં રેતી ખનન કરનારાઓ પર લગામ કસવી જરૂરી છે તેવી લોકોમાં ચર્ચાઓ ચાલી રહી છે

રોમાંચક ઓપનિંગ મેચમાં સરકાર ઈલેવનનો વિજય

વેજલપુર મુસ્લિમ સમાજ ટુર્નામેન્ટ ‘સીઝન-૦૩’ નો ભવ્ય પ્રારંભ

(પ્રતિનિધિ) કાલોલ, તા.21

વેજલપુર મુસ્લિમ સમાજના યુવાનોમાં એકતા, ભાઈચારો અને રમતગમતની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે આયોજિત ‘વેજલપુર મુસ્લિમ સમાજ ટુર્નામેન્ટ - સીઝન ૦૩’ નો અત્યંત ઉત્સાહપૂર્ણ માહોલમાં શુભારંભ થયો છે. તસ્લીમ પેડીયા દ્વારા આયોજિત આ ભવ્ય ક્રિકેટ મહાકુંભમાં સમાજની કુલ ૬ મજબૂત ટીમોએ ભાગ લીધો છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ક્રિકેટનો જબરદસ્ત માહોલ જામ્યો ટુર્નામેન્ટના ઉદ્ઘાટન સમારોહમાં જયપ્રકાશ પટેલ, પૂર્વ વેજલપુર તાલુકા પંચાયત સભ્ય સલીમ કઠીયા અને અક્રમ કઠીયા



દ્વારા રીબીન કાપીને ટુર્નામેન્ટનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.આ ઉદ્ઘાટનમાં ભરતભાઈ પટેલ, પૂર્વ વેજલપુર તાલુકા પંચાયત સભ્ય સલીમ કઠીયા, તેમજ ઈમરાન ભાઈ બગલી, અક્રમ કઠીયા અને અન્ય સામાજિક અગ્રણીઓ તેમજ મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહેમાનોએ ખેલાડીઓનો ઉત્સાહ વધારીને ટુર્નામેન્ટની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને આવા સુંદર આયોજન બદલ આયોજક ટીમની પ્રશંસા કરી હતી. ટુર્નામેન્ટની પ્રથમ અને ઓપનિંગ મેચ સરકાર ઈલેવન અને ઈગલ ઈલેવન વચ્ચે રમાઈ હતી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઈગલ ઈલેવનની ટીમે નિર્ધારિત ઓવરોમાં લડાયક બેટિંગ કરતા ૮૧ રન બનાવ્યા હતા. ૮૨ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી સરકાર ઈલેવનની ટીમે શરૂઆતથી જ આક્રમક અંદાજ બતાવ્યો હતો.

દાહોદ જિલ્લામાં સ્વાસ્થલક્ષી પ્રયાસો

હાઈ-વે હોટેલ્સ અને રેસ્ટોરન્ટ્સની તપાસ માટે ખાસ ઝુંબેશ હાથ ધરાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.21

કમિશનર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગરની સૂચના મુજબ રાજ્યના ૨૬ હાઈ-વે કોરિડોર પર આવેલી હોટેલ્સ અને રેસ્ટોરન્ટ્સમાં ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા જાળવવા માટે ખાસ તપાસ ઝુંબેશ (સ્પેશિયલ ડ્રાઇવ) હાથ ધરવામાં આવી છે.

આ ઝુંબેશ અંતર્ગત દાહોદ જિલ્લાના ડેઝીગ્નેટેડ ઓફિસરના માર્ગદર્શન હેઠળ સિનિયર ફૂડ સેફ્ટી ઓફિસર અને ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમ દ્વારા સઘન કામગીરી કરવામાં આવી રહી છે તપાસ દરમિયાન રસોડામાં ભોજન બનાવનાર તેમજ પીરસનાર દરેક કર્મચારી ફરજિયાતપણે હેડ કેપ, એપ્રોન



અને હેન્ડ ગ્લોવ્ઝ પહેરીને જ કામગીરી કરે તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં દાહોદ જિલ્લાના હાઈ-વે વિસ્તારની હોટેલ્સ/રેસ્ટોરન્ટ્સ તેમજ આઇસ્ક્રીમ/ફ્રોઝન ડેઝર્ટ પાર્લર (કુલ ૧૭ પેઢીઓ) ની સ્થળ પર જઈને ઝીણવટભરી તપાસ કરવામાં આવી છે.

સિંગવડમાં વિશ્વ એન્ટિ માઇક્રોબિયલ જાગૃતિ સપ્તાહ અંતર્ગત રેલીનુ આયોજન, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા



સિંગવડ : વિશ્વ એન્ટિમાઇક્રોબિયલ જાગૃતિ સપ્તાહ તા. ૧૮ થી ૨૪ નવેમ્બર અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવત તેમજ તાલુકા આરોગ્ય અધિકારી ડો. મુનિયા ના માર્ગદર્શન હેઠળ સીંગવડ ગામમાં રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં એન્ટિબાયોટિક દવાનો ઉપયોગ ડોક્ટરની સલાહ લઈને જ કરવો, એન્ટિબાયોટિક દવાનો ડોઝ પૂર્ણ કરવો, અધૂરો છોડવો નહીં તેમજ સામાન્ય બીમારીમાં એન્ટિબાયોટિક દવાનો ઉપયોગ ટાળવો જેવા સંદેશાઓ બેનર દ્વારા આપવામાં આવ્યા હતા. ત્યારે સિંગવડ નગરમાં બેનર સાથે ગામમાં રેલી કાઢીને જનજાગૃતિ કરવામાં આવી હતી. આ રેલીમાં તમામ CHO, MPHW ભાઈઓ, MPHS ભાઈઓ હાજર રહ્યા હતા.

વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા કરી કામગીરી પૂર્ણ કરવા તાકીદ કરાઇ

દાહોદ ખાતે કલેક્ટર સુરભિ ગૌતમના અધ્યક્ષસ્થાને બેઠકમાં વિવિધ પ્રશ્નોની ચર્ચા

(પ્રતિનિધિ) દાહોદ, તા.21

દાહોદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર સુરભિ ગૌતમના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની સંકલન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન કાયદો અને વ્યવસ્થા, રોડ એન્ડ સેફ્ટી, જિલ્લા બાળ શ્રમ ટાસ્કફોર્સ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તેમજ પુરવઠા શાખા સહિતના વિભાગોની કામગીરી અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સંબંધિત વિભાગો દ્વારા અત્યાર સુધી કરવામાં



આવેલી કામગીરીની માહિતી મેળવવાની સાથે આગામી સમયમાં હાથ ધરાનારા નવા આયોજન અને કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

આ ઉપરાંત, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દાહોદ જિલ્લાના ત્રિદિવસીય પ્રવાસ દરમિયાન વિવિધ સ્થળોએ યોજાયેલા જનસુનાવણી કાર્યક્રમોમાં નાગરિકો દ્વારા કરવામાં આવેલી રજૂઆતો અને પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવા જિલ્લા કલેક્ટરે સંબંધિત અમલીકરણ અધિકારીઓને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ તમામ વિભાગોને પરસ્પર સંકલન જાળવીને જવાબદારીપૂર્વક અને સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા અનુરોધ કર્યો હતો.

લીમખેડામાં ખાતરના કાળા કારોબારને કારણે ખેડૂતોની પડતા પર પાટુ જેવી સ્થિતિ

મફતમાં વેચાતા ખાતરના રૂ.૧૦૦ વસુલ કરતા એગ્રો સેન્ટરના સંચાલકો સામે કાર્યવાહીની માંગ

અંદાજે 1,300 થેલીઓ ઉપલબ્ધ હોવા છતાં ખેડૂતોને ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે આગ્રહ

(પ્રતિનિધિ) દાહોદ, તા.20

લીમખેડામાં હાલમાં એક જ એગ્રો સેન્ટર પર 1300 જેટલી યુરિયા ખાતરની થેલીઓ હયાત છે પરંતુ સંચાલક દ્વારા તેમના જ એગ્રો સેન્ટર પર ઓનલાઈન કરાવશે તો જ ખાતર મળશે તેવો આગ્રહ કરવામાં આવે છે. અને ખેડૂતોની વધારાની જમીનનું રજીસ્ટ્રેશન કરી ઓછું ખાતર આપે છે. અને આને કારણે રૂપિયા ૨૯૯.૫૦ સરકારનો ભાવ છે છતાં કાળા બજારમાં રૂપિયા ૩૭૦/-ના ભાવે ખાતર વેચી ગરીબ ખેડૂતોને બેફામ લૂંટી રહ્યો છે, છતાં તંત્રનું ભેદી મૌન ખેડૂતોને અકળાવી રહ્યું છે. એગ્રો સેન્ટર પરથી ખેડૂતના આધાર કાર્ડ થી ફીમાં ઓનલાઈન કરવાનું હોય છે છતાં એગ્રો સેન્ટરના સંચાલક દ્વારા ૧૦૦ રૂપિયા લેવામાં આવે છે. સંચાલક અને ખેતીવાડી અધિકારીની મિલીભગતના કારણે ખેડૂતો દયાજનક સ્થિતિમાં મુકાયા છે. તેમ છતાં તંત્ર દ્વારા ભેદી મૌન સેવવામાં આવ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર લીમખેડા નગરમાં અંદાજિત દસેક જેટલા એગ્રો સેન્ટરો આવેલા છે. જે પૈકીના એકાદ બે સેન્ટરો પર યુરિયા ખાતર ઉપલબ્ધ છે હાલમાં ઓછા વરસાદને કારણે ચોમાસુ પાક નું નહિવત ઉત્પાદન છે જેથી ખેડૂતોએ શિયાળુ પાક માટે ઘઉં ચણા મકાઈની ખેતી કરી છે.

સરકાર દ્વારા એક હેક્ટર દીઠ ૯ થેલી યુરિયા ખાતર આપવાની એગ્રો સેન્ટર પર સૂચના આપવામાં આવી છે. અને તેના માટે મોબાઈલ ફોનમાં ફી એપ ડાઉનલોડ કરી ઓનલાઈન અરજી કરવાની હોય છે.

અને આખા ગુજરાતમાં ગમે ત્યાંથી ડાઉનલોડ કરાવી શકો છો પરંતુ લીમખેડા નગરના એગ્રો સેન્ટર પર જ અરજી ડાઉનલોડ કરશો તો જ ખાતર મળશે તેવો આગ્રહ રાખવામાં આવે છે. જેથી ૪ હેક્ટર જમીન વાળા ખેડૂતો રજીસ્ટ્રેશન કરાવી લેતા હોય છે. જેથી ૨૦ થેલી ખાતર આપવાનું હોય છે

પરંતુ સંચાલક માત્ર પાંચ થેલી ખાતર આપતાં હોય છે. અને બાકીના ખાતરનું ખુલ્લેઆમ કાળા બજારમાં વેચાણ કરે છે. આ મામલે અવારનવાર ફરિયાદો તો થાય છે પરંતુ તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી અને જેનો બોજ ગરીબ ખેડૂતો પર પડી રહ્યો છે.

દાહોદ જિલ્લામાં સમગ્ર શિક્ષા અંતર્ગત ૬ થી ૧૯ વર્ષના શાળા બહારના બાળકોનો સર્વે હાથ ધરાશે

દાહોદ : સમગ્ર શિક્ષા અંતર્ગત દર વર્ષે જુદા જુદા કારણોથી શાળા બહાર રહેલા ૬ થી ૧૮ વર્ષની વયજૂથના બાળકો અને જેઓ પોતાનું ધોરણ-૧ થી ૧૨ નું શિક્ષણ પૂર્ણ કરી શક્યા નથી તેવા શાળા બહારના (Out of School Children)તમામ (વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 1 Children with Special Need) બાળકો સહિતના) બાળકોનો સર્વે કરી તેમની ઓળખ, નામાંકન, ઓપન સ્કૂલિંગ મુખ્ય ધારામાં જોડાણ અને શૈક્ષણિક પુનઃવસનની કામગીરી કરવામાં આવે છે. દાહોદ જિલ્લામાં શિક્ષણથી વંચિત રહી ગયેલા બાળકો માટે શાળા કક્ષાએ ૦૪ ડિસેમ્બર -૨૦૨૬ થી ૧૦ ડિસેમ્બર-૨૦૨૬ થી સર્વે હાથ ધરવામાં આવનાર છે. બાળકોને શોધી તેમના વાલીને સમજાવી શિક્ષણના પ્રવાહ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

તળાવને ધાર્મિક, સાંસ્કૃતિક અને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે

ગરબાડાના રામનાથ તળાવનો થશે કાયાકલ્પ, મુખ્યમંત્રીએ બ્યુટીફિકેશન માટે આપી સૂચના

બે વીડ હાર્વેસ્ટિંગ મશીનથી સફાઈ કામગીરી શરૂ

(પ્રતિનિધિ) ગરબાડા, તા.21

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની દાહોદ જિલ્લાની ત્રિદિવસીય મુલાકાતના અંતિમ દિવસે ગરબાડાના ઐતિહાસિક રામનાથ તળાવના વિકાસ અને બ્યુટીફિકેશનને લઈને મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી હતી. ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર દ્વારા મુખ્યમંત્રી સમક્ષ તળાવના બ્યુટીફિકેશન માટે રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે ગરબાડા ભાજપ પ્રમુખ પ્રજીતસિંહ રાઠોડ દ્વારા જનસુનાવણી કાર્યક્રમ દરમિયાન



તળાવની ફરતે સૌંદર્યીકરણની કામગીરી હાથ ધરવા રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતોને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગરબાડા ખાતે આવેલા ઐતિહાસિક રામનાથ તળાવની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે તળાવ અને તેની આસપાસના સમગ્ર વિસ્તારનું નિરીક્ષણ કરી હાલની સ્થિતિ તેમજ ઉપલબ્ધ સુવિધાઓ અંગે ઉપસ્થિત અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી. રામનાથ તળાવના સર્વાંગી વિકાસ અને સૌંદર્યીકરણ માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. તળાવ આસપાસના વિસ્તારનું સુવ્યવસ્થિત આયોજન કરવા, પર્યાવરણની જાળવણી સાથે નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તેમજ આ સ્થળને આકર્ષક બનાવવા માર્ગદર્શન આપ્યું હતું.